# પરિપત્રો

## બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે સુધારેલ ઉચ્ચતર પગારધોરણની યોજના

ગુજરાત સરકાર, નાણા વિભાગ, સરકારી ઠરાવક્રમાંક : પગર-૧૦૯૮-૪૧-મ
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૪-૮-'૯૮

*વંચાણમાં લીધા : (૧) સરકારી ઠરાવ નાણા વિભાગ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૪-મ, તા. ૧૬-૮-'૯૪.*
*(૨) સરકારી ઠરાવ નાણા વિભાગ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-'૯૪.*
*(૩) સરકારી ઠરાવ નાણા વિભાગ ક્રમાંક : પગર-૧૦૯૮-૧-મ, તા. ૭-૧-'૯૮.*
*(૪) સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૨) પગર-૧૦૯૮-૨-મ, તા. ૨૦-૧-'૯૮.*

ઠરાવ :

આમુખ (૪)માં દર્શાવેલ જાહેરનામા દ્વારા ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૯૮; તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી અમલમાં આવેલ છે. આ પગાર-સુધારણાના પરિણામે આમુખ (૧) અને (૨)માં દર્શાવેલ ઠરાવો દ્વારા અમલમાં મૂકવામાં આવેલ ઉચ્ચતર પગારધોરણની યોજનામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે :

(૧) જે જગ્યાનો પગાર અથવા પગારધોરણનો મહત્તમ તબક્કો માસિક રૂ. ૧૦,૫૦૦/- કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

(૨) પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગારધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદાં જુદાં પગારધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે, તેમનો પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણનો પગાર, બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના પગાર પગારધોરણનો પગાર ગણાશે. પરંતુ વધુમાં, બઢતીનું કોઈ પગારધોરણ ન હોય એવા કેસમાં તેના હાલના પગારધોરણને મળતું આવું પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણ, આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે.

પરંતુ વિશેષમાં, જુદાં જુદાં પગારધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણ, બઢતીના પગારધોરણને બદલે, તેના હાલના પગારધોરણ સાથે મળતું આવતું આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગારધોરણ રહેશે.

(૩) આ યોજના હેઠળ મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગારધોરણ રૂ. ૮૫૦૦-૧૪૦૦૦ના પગારધોરણથી વધશે નહિ. આ પગારધોરણ રૂ. ૬૫૦૦-૧૦૫૦૦ના પગારધોરણવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગારધોરણ રૂ. ૮૫૦૦-૧૪૦૦૦ કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. બઢતીની જગ્યાનું પગારધોરણ રૂ. ૮૦૦૦-૧૪૦૫૦ અથવા રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ નું હોય તો ઉચ્ચતર પગારધોરણ યથાપ્રસંગ રૂ. ૮૦૦૦-૧૪૦૫૦ અથવા રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ રહેશે. રૂ. ૬૫૦૦-૧૦૫૦૦ના પગારધોરણવાળી જગ્યાઓના કેસમાં જો કોઈ બઢતીની જગ્યા ન હોય તો રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ના પગારધોરણને ઉચ્ચતર પગારધોરણ ગણવાનું રહેશે.

નોંધ : રૂ. ૮૫૦૦-૧૪૦૦૦ અને રૂ. ૮૦૦૦-૧૪૦૫૦ કામચલાઉ પગારધોરણો છે અને સરકારે રચેલ પગાર વિસંગતતા નિવારણ સમિતિની ભલામણો અને તેના ઉપરના સરકારના નિર્ણયને આધીન રહેશે. આ પગારધોરણોની પાત્રતા ધરાવતા કર્મચારીએ નમૂના મુજબ લેખિત બાંહેધરી આપવી પડશે.

(૪) નાણા વિભાગના ઠરાવક્રમાંક : ઇસીઆર-૧૦૮૭-૨૪-મ, તા. ૧૯-૬-'૮૭ હેઠળ દાખલ કરાયેલ સ્થગિતતા ઇજાફાની યોજના હવે એવા ફેરફાર સાથે ચાલુ રહે છે કે જેમને ઉચ્ચતર પગારધોરણની યોજના લાગુ પડતી નથી અને જે પગારધોરણમાં મહત્તમ પગાર માસિક રૂ. ૨૨૪૦૦/- કરતાં વધુ ન હોય તે પગારધોરણમાં કામ કરતા કર્મચારીઓને સ્થગિતતા ઇજાફાની યોજના લાગુ પડશે. આ અંગેના હુકમો અલગ રીતે બહાર પાડવામાં આવી રહ્યા છે.

(૫) ઉચ્ચતર પગારધોરણની યોજના ભારત સરકારના હુકમો જ્યારે અને જેમ બહાર પડે તે પ્રમાણેની ફેરવિચારણાને આધીન રહેશે.

(૬) આ મુજબ તા. ૧-૧-'૯૬ કે ત્યારબાદ ઉચ્ચતર પગારધોરણની યોજના હેઠળ પાત્રતા ધરાવતા કર્મચારીઓને ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવાનું રહેશે. પગારની લેણી થતી રકમની ચુકવણી ગુજરાત રાજ્ય સેવા (પગાર-સુધારણા) નિયમો, ૧૯૯૮ના નિયમ-૧૧ મુજબ કરવાની રહેશે.

(૭) આમુખ-૧ અને ૨માં દર્શાવેલ ઠરાવોની અન્ય શરતો યથાવત્ રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એલ. ટી. જોષી,
ઉપસચિવ, નાણા વિભાગ